# MA–011

Seat No. _____

## B. Ed. (Part - I) Examination

March / April – 2003

## Paper – I

## Section - I : Education & The Teacher in Emerging Indian Society

## Section - II : The Learner-Nature & Development

*(Old Course)*

Time : **3** Hours] [Total Marks : **100**

**સૂચના :** (૧) બન્ને વિભાગના ઉત્તર **અલગ અલગ** ઉત્તરવહીમાં લખવા.

(૨) દરેક વિભાગમાં **ત્રણેય** પ્રશ્નો **ફરજિયાત** છે. વિકલ્પો આંતરિક છે.

(૩) બિનજરૂરી લાંબા જવાબ ક્ષતિ ગણાશે.

(૪) **જમણી** બાજુએ છાપેલા અંક પ્રશ્નોના પૂરા ગુણ દર્શાવે છે.

### વિભાગ - ૧

### (વિકાસમાન ભારતીય સમાજમાં શિક્ષણ અને શિક્ષક)

૧ નીચેનામાંથી કોઈ પણ **ચાર** પ્રશ્નોના ઉત્તર આપો : ૨૪

(ક) અભ્યાસક્રમ રચનાના કોઈ પણ ચાર સિદ્ધાંતોની ટૂંકમાં સ્પષ્ટતા કરો.

(ખ) 'કેળવણીની કોઈ એક જ વ્યાખ્યા હોઈ શકે નહીં'. – શા માટે ?

(ગ) 'શિક્ષણ ધંધો નહીં, પણ એક ઉમદા વ્યવસાય છે.' – વિધાનના સંદર્ભમાં શિક્ષણ વ્યવસાયનું મૂલ્યાંકન કરો.

(ઘ) કેળવણી પર વિજ્ઞાન અને ટેકનોલૉજીની શી અસરો જોવા મળે છે ? ઉદાહરણો દ્વારા સમજાવો.

(ચ) હાલમાં સમસ્ત વિશ્વ કઈ કઈ સમસ્યાઓનો સામનો કરી રહ્યું છે ? આ સમસ્યાઓનું નિવારણ આંતરરાષ્ટ્રીય સમજ વિકાસના શિક્ષણ દ્વારા શી રીતે શક્ય બને ?

(છ) રાષ્ટ્રની સંગીન અર્થવ્યવસ્થા કેળવણીને કઈ રીતે ઉપયોગી બને ? ઉદાહરણો દ્વારા સ્પષ્ટ કરો.

૨ (અ) સાંપ્રત ભારતીય સમાજમાં મૂલ્યો માટેના શિક્ષણની અનિવાર્યતા સ્પષ્ટ કરો. વિદ્યાર્થીઓમાં મૂલ્યોના સિંચન માટે શાળા શી ભૂમિકા ભજવી શકે ? ચર્ચા કરો. ૮

(બ) 'રેડિયો, ટી.વી. (દૂરદર્શન) અને વર્તમાન-પત્રો અનૌપચારિક કેળવણીના પ્રબળ માધ્યમો હોવા છતાં તેઓની મર્યાદાઓ કેળવણીના વિકાસને અવરોધે છે.'' – વિધાનના સંદર્ભમાં કેળવણીનાં સમૂહ માધ્યમોની મર્યાદાઓની ચર્ચા કરો. ૮

**અથવા**

૨ નીચેના પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર આપો :

(ક) કેળવણી દ્વારા વ્યક્તિનો સુસંવાદી વિકાસ શી રીતે શક્ય બને ? ૪

(ખ) વૈધિક અને અવૈધિક કેળવણી વચ્ચેનો તફાવત દર્શાવતા ચાર મુદ્દાઓ નોંધો. ૪

(ગ) 'વિકસતા જતા ભારતીય સમાજમાં શિક્ષકની ભૂમિકા ઉત્તરોત્તર પડકારયુક્ત બનતી જાય છે'. પ્રસ્તુત વિધાનને ધ્યાનમાં રાખી શિક્ષક અને શિક્ષણ સામે સર્જાયેલા ચાર પડકારો જણાવો. ૪

(ઘ) કેળવણીના કોઈ પણ ચાર સમાજલક્ષી ધ્યેયો જણાવો. ૪

૩ નીચેના પ્રશ્નોના માગ્યા પ્રમાણે ઉત્તર આપો : ૧૦

(ક) અભ્યાસક્રમ અને પાઠ્યક્રમ વચ્ચેનો તફાવત દર્શાવતા બે-બે મુદ્દાઓ જણાવો.

(ખ) કેળવણીના વ્યક્તિલક્ષી ધ્યેયોની બે મર્યાદાઓ નોંધો.

(ગ) દૂરવર્તી કેળવણી લાક્ષણિકતાઓના ચાર મુદ્દા આપો.

(ઘ) રાષ્ટ્રીય એકતાની સંકલ્પના સ્પષ્ટ કરો.

(ચ) કેળવણીની કોઈ એક વ્યાપક વ્યાખ્યા રજૂ કરો.

## વિભાગ - ૨

## અધ્યેતા - સ્વરૂપ અને વિકાસ

૧ નીચેનામાંથી કોઈ પણ **ચાર** પ્રશ્નોના મુદ્દાસર જવાબ લખો : ૨૪

(ક) શૈક્ષણિક મનોવિજ્ઞાનનું જ્ઞાન તમારા શિક્ષણકાર્યમાં કઈ રીતે ઉપયોગી નીવડશે ?

(ખ) અધ્યેતાના ભાષાકીય વિકાસમાં શિક્ષક તરીકે તમે શું ભૂમિકા ભજવશો ?

(ગ) અધ્યયન સંક્રમણ એટલે શું ? તેનો 'સમાન ઘટકો'નો સિદ્ધાંત સોદાહરણ વર્ણવો.

(ઘ) સમસ્યા ઉકેલ એટલે શું ? તેનો શૈક્ષણિક ફલિતાર્થ સમજાવો.

(ચ) વૃદ્ધિ અને વિકાસ એટલે શું ? બંને વચ્ચેનો તફાવત વિગતવાર સમજાવો.

(છ) વ્યક્તિત્વની વ્યાખ્યા આપી વ્યક્તિત્વમાપનની કોઈ પણ એક પ્રક્ષેપણ પદ્ધતિ સમજાવો.

૨ (અ) અધ્યયનની સંકલ્પના કોઈ પણ બે વ્યાખ્યા આપી સ્પષ્ટ કરો. ૮
"'પ્રયત્ન અને ભૂલ' દ્વારા અધ્યયન" આ સિદ્ધાંતની વિગતવાર સમજૂતી થોર્નડાઈકના નિયમો દ્વારા આપો.

(બ) સામાજિક વિકાસ એટલે શું ? તેના પર અસર કરતાં પરિબળો સમજાવો. ૮

**અથવા**

૨ (અ) અધ્યયનને અસર કરતાં કોઈ પણ બે પરિબળનું શૈક્ષણિક મૂલ્ય ચર્ચો. ૪

(બ) શારીરિક વિકાસનો શૈક્ષણિક ફલિતાર્થ લખો. ૪

(ક) તરુણના સામાજિક વિકાસમાં શાળા કેવી રીતે ફાળો આપે છે ? ૪

(ડ) અભિપ્રેરણા એટલે શું ? તેના પ્રકાર સમજાવો. ૪

૩ નીચેના પ્રશ્નોના માંગ્યા પ્રમાણે ઉત્તર આપો : **૧૦**

(ક) સ્મૃતિ વધારવા માટેની કોઈ પણ બે પદ્ધતિ સમજાવો.

(ખ) સિદ્ધિ પ્રેરિત વ્યક્તિનાં લક્ષણો લખો.

(ગ) સામાજિકતામિતિ એટલે શું ?

(ઘ) બુદ્ધિ એટલે શું ? કોઈ પણ બે પ્રમાણિત બુદ્ધિ કસોટીનાં નામ આપો.

(ચ) સંકલ્પના સ્પષ્ટ કરો : સર્જનશીલતા, વલણ.

## ENGLISH VERSION

**Instructions :**
(1) Answers of the **two** sections should be written in **separate** answer-books.
(2) All the **three** questions are **compulsory**. Options are internal.
(3) Unduly lengthy answers will be considered discredit.
(4) Figures to the **right** indicate full marks of the questions.

### SECTION - I

### (Education & The Teacher in Emerging Indian Society)

**1** Attempt any **four** of the following questions : **24**

(a) Explain in brief any four principles of curriculum construction.

(b) 'There cannot be the only one definition of education'. – State why it is so

(c) 'Teaching is not an occupation but it is a noble profession.' – Evaluate the teaching profession in the reference of the said statement.

(d) What impacts of science and technology have been occured on education ? Explain with examples.

(e) What problems does the entire world face today ? How can these problems be irredicated through the education of International understanding ?

(f) How can the sound economic order of the nation become useful to the education ? Explain with the support of examples.

**2** (a) Explain the inevitability of the education for values in the present Indian society. What role can the school play for inculcating values in pupils ? Discuss. **8**

(b) 'Though the Radio, T.V. and News-papers are the strong media of informal education, their limitations obstruct the development of education". – Discuss the limitations of these media of education in the reference of the said statement. **8**

**OR**

**2** Answer in brief the following questions :

(a) How can the comprehensive development of an individual become possible through education ? **4**

(b) State four points indicating the differences between formal and non-formal education. **4**

(c) 'The role of the teacher in a developing Indian society is gradually becoming challenging'. Keep the said statement in mind and state four challenges created against the Teacher and Education. **4**

(d) State any four Social Aims of Education. **4**

**3** Answer the questions as suggested : **10**

(a) State two points on each indicating the differences between curriculum and syllabus.

(b) Write two limitations of the Individual Aims of Education.

(c) Write four points about the characteristics of Distance Education.

(d) Explain the concept of National Unity.

(e) Present any one definition of Education in a broad sense.

## SECTION - II

## (The Learner-Nature & Development)

**1** Answer the following questions : (any **four**) **24**

(a) How will your knowledge of educational psychology help you in your class-room teaching ?

(b) What role will you play as a teacher in the language development of a learner ?

(c) What is the transfer of learning ? Describe and illustrate the principle of 'identical elements' governing the transfer of learning.

(d) Explain the concept of problem-solving. Explain its educational implication.

(e) What is growth and development ? Write the difference between them in detail.

(f) Giving the definition of personality explain any one projective technique for the measurement of personality.

**2** (a) Explain the concept of learning by giving any two definitions. Explain the theory of learning – 'Trial and Error' through the rules given by Thorndike. **8**

(b) What is social development ? Mention the factors affecting the social development. **8**

**OR**

**2** (a) Discuss the educational values of any two factors affecting learning. **4**

(b) Write the educational implication of physical development. **4**

(c) How does the school contribute towards social development of the adolescent ? **4**

(d) What is motivation ? Explain its types. **4**

**3** Answer the questions as suggested : **10**

(a) Explain any two methods of increasing memory power.

(b) Write the characteristics of a motivated person.

(c) What is sociometry ?

(d) What is intelligence ? Write the names of any two standardised intelligence-test.

(e) Explain the concept : Creativity, Attitude.